## પ્રમુખીય

# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચન્દ્ર

### લેખાંક-૨૩

### ભારતીય કવિતાનો અલ્પોક્ત પણ અર્થબહુલ સ્વર : નીલમણિ ફૂકનની કવિતા

*

કવિનો સ્વર એની કવિતામાં જેવો ચોખ્ખો સંભળાય એવો તો બીજે ક્યાં સંભળાય? કોઈ હાઈ-ફાઈ કહેતાં હાઈ ફિડેલિટી વીજાણુ-માધ્યમમાં પણ? અને કવિની, માણસની ખુદ-વફાઈથી વધારે ઊંચી વફાદારી કે ફિડેલિટી બીજી કઈ ? તો, બીજી વાતો હાલ પડતી મૂકી, પહેલાં તો પોતાની જાત સાથે નિરંતર પ્રમાણિક રહેતા એક કવિની એક કવિતામાં પ્રગટતો સ્વર સાંભળીએ. રચનાનું શીર્ષક છે 'બુરુન્જી'. જેમ મરાઠીમાં 'બખર,' ગુજરાતીમાં 'રાસો' કે 'પ્રબંધ', તેમ અસમિયા ભાષામાં 'બુરુન્જી' એટલે 'ઇતિહાસ', બલ્કે પ્રજાએ પોતીકી રીતે લખેલો કે લલકારેલો ઇતિહાસ. એ વળી કઈ રીત? જોઈએઃ

*બુરુન્જી / નીલમણિ ફૂકન*

ભડકે બળતા મોટ્ટા જંગલને અડીને વહેતી એક નદીમાં
એક હોડી હંકારીએ છીએ, આપણે બેઉ.
હલેસાં લગાવતા લગાવતા આગળ આગળ વધીએ છીએ.

પંખીઓ, ધીમી ધીમી પાંખે,
ચોતરફના ધોળા ધુમ્મસ જેવા ધુમાડામાં જાણે હાથ મારતાં,
ક્યાંક જતાં'તાં.

કેટલા બધા સરપ પણ જોયા, પાણીમાં પડી આમતેમ રઝળતા !

એમ આગળ ને આગળ જતાં,
નદીકિનારે એક ઝૂંપડાં જેવું દેખાયું.
ત્યાં, નજીકમાં, હોડીને લાંગરી આપણે એ ખોરડા પાસે ગયા.
એ રહેઠાણમાં તો રહેનારું કોઈ નહોતું, વળી એક ખૂણે તો એ ખોરડું પણ
આંચ પકડતું જતું'તું પેલી મોટી આગની, ધુમાડાના ગોટાઓથી ભરાતું જતું'તું.

કોકનાં થોડાં હીબકાં આપણે કાને પડ્યાં.
જંજીરે જકડાયેલા આકાશનાં?
કોઈ નિરાશ-નિરાધાર ભિખારી જેવું એ થોડુંક રોતું'તું.

**પછી પાછા ફરી, ફરી આપણે બેઉ, ધીરે ધીરે, હલેસાં મારવા માંડ્યા,**
**હોડી હંકારતા ગયા,**
**ધુમાડાના ગોટા વચ્ચેથી, રાત વચ્ચેથી.**

*

( અનુ. સિ.) (તેજસ્વી અસમિયા યુવા લેખક-પત્રકાર અંકુર ડેકા સાથે ફોન પર મૂળ કૃતિ સાંભળી, ઈ-મેઇલ પર એનું લિપ્યંતર મેળવી કરેલો અનુવાદ.)

-- કશું લલિત લલકાર્યા વગર, ઊંચા અવાજના આક્રોશ વિના, ઐતિકાસિક સંદર્ભો પાદટીપમાં આપ્યા વગર, માત્ર એક કલ્પન વડે કવિ કેટલું બધું કહી ગયા! ન એકે શબ્દ ‘ઉલ્ફા’ના આતંકવાદીઓ વિશે, ન મિઝો કે નાગા લિબરેશન ફ્રન્ટના લડાકુઓ વિશે, ન સરહદ પાર કરી આવતા લાખો ‘પારકાઓ’ વિશે. ન ઘૂસેલાના કે માર્યા ગયેલાના આંકડા. કવિ તો બસ કોઈક એક ભડકે બળતા વનમાં એક હોડીને લાંગરવા માટે બે માણસોને ક્યાં યે આગ વગરનો કાંઠો નથી મળતો, એની જ વાત કરે છે. એ વાત પણ એ આપણને નથી કહેતા, હોડીમાં પોતાની સાથે બેઠેલા પોતાની જેવા જ ‘બીજા જણ’ને કહે છે. બળતા જંગલ વચ્ચેથી એક નદીમાં વહ્યે જતી હોડીને હંકારતા બે સહપ્રવાસીઓ વચ્ચેની આ વાત છે. જેટલી આપણે કાને પડે એટલી આપણે સાંભળવાની. કાન સરવા છે ને, કવિતાનો અવાજ વણસાંભળ્યો રહી જાય નહીં, એટલા?

વળી, આ રચનામાં તો, પેલી હોડીને લાંગરવા લાયક જગ્યા બ્રહ્મપુત્રાના બળતા કાંઠે એ બે જણને મળે એની પહેલાં તો એમની વાત તો પૂરી થઈ જાય છે -- કે કવિતાના ત્રીજા સૂર વિશે હું કોઈ વિવેચન કરી શકું, એની પહેલાં ! બોલકા વાસ્તવની કે ઘૂસણખોર વિવેચનની, કોઈની કશી ખલેલ વગર કવિ જાણે પોતાને જ, પોતાની સાથેના સ્વજનને, એક કારમી વાત કહી જાય છે —એક અલ્પોક્ત પણ અર્થબહુલ, ઓછાબોલા પણ ઘણું કહી જતા અવાજમાં. આ લેખમાળા આજની ભારતીય ભાષાઓના એવા કવિઓના એવા અવાજ વિશે છે.

*

હવે, આ કવિતાથી દૂર, થોડાક પાછા પગલે ચાલીને યાદ કરી લઈએ કે લેખાંક ૨૨માં સાંપ્રત ભારતીય કવિતાના ત્રીજા સૂરને સાધતી કેટલીક કૃતિઓની વાત શરૂ કરી હતી. મરાઠી કવિ પુ. શિ. રેગે, બંગાળી કવિ શંખો ઘોષ, ભારતીય-આંગ્લ કવિ કેશવ મલિક અને અસમિયા કવિ નીલમણિ ફૂકનની કેટલીક રચનાઓમાં સંભળાતો એ કવિ-સ્વર પારખવાનો આ પ્રયત્ન ચાલે છે. આપણી પરંપરાના અલ્પોક્ત પણ અર્થબહુલ ‘ત્રીજા’ સૂરને (ન કે ટી. એસ. એલિયટે ગ્રીસ-મૂલક પરંપરામાં સાંભળેલા ‘લિરિકલ’ અને ‘ડાયડેક્ટિક’થી જુદા એવા ‘ડ્રામૅટિક’ પ્રકારના ‘થર્ડ વૉઇસ’ને) આ ચાર કવિઓ (જ નહીં, કેદારનાથ સિંહ કે અરુણ કોલાટકર સમા બીજા ઉત્તમ સમકાલીન કવિઓ પણ ) કઈ રીતે સાધે છે, એ સમજવા-માણવાનો આપણો અહીં યત્ન છે.

આજની ભારતીય કવિતામાં સંભળાતા બીજા બે સૂર કયા, એ સવાલ અહીં થાય. કહી શકાય કે એમાંનો પહેલો સૂર તે ઇતિહાસને, સામાજિક-આર્થિક-રાજકીય પરિબળોને

ઝાઝાં લક્ષ્યમાં લીધા વિના કેવળ અંગત લાગણીઓનાં નાજુક સ્વરૂપો પ્રગટ કરતી રચનાઓમાં સંભળાતો સૂર. એ પ્રકારની ગેય રચનાઓ; ઊર્મિગીત, ગઝલ, ક્યારેક સૉનેટ વગેરે સ્વરૂપો લેતી કૃતિઓથી, એમની શક્તિથી અને મર્યાદાથી વાચક પરિચિત હશે. બીજો સૂર તે ઇતિહાસને, સામાજિક આદિ પરિબળોને અતિ-પ્રગટ રીતે નિરૂપતી રચનાઓનો સૂર; કોઈ ને કોઈ વિચારસરણી કે સમસ્યાને મુખ્યત્વે અભિધાની શક્તિથી, ઓછાવત્તા કટાક્ષથી, ભારે આક્રોશથી આલેખતી રચનાઓનો. એયે વાચકથી અજાણ ન હોય. એ બેથી અલગ પડતો, ઉપર વર્ણવેલો સૂર તે ત્રીજો. એને ઓળખવો અને માણવો કઈ રીતે, એની ચર્ચા પુખ્ત અને પ્રયોગશીલ સર્જકતા/ભાવકતાની કેળવણી માટે કરવી ઘટે.

*

વાચક, ગતાંકે અવલોકેલી નીલમણિ-જીની એક રચના, 'એકાકી', તને યાદ હશે. એઝરા પાઉણ્ડ હોય તો એને 'ઇમેજિસ્ટ પોએમ' કહે, અભિનવગુપ્ત હોય તો 'ધ્વનિ કાવ્ય' કહે. પણ આજે અને અહીં છીએ તો બસ આપણે ! તો આપણે એને કેવી કહીશું? એ અસમિયા રચનાનું પેલું દુઃસહ કલ્પન જરા હિમ્મત રાખીને જુઓઃ જાજરમાન બ્રહ્મપુત્ર નદમાં, જાણે કે ભારતીય ઇતિહાસના પ્ર-ચણ્ડ પ્રવાહમાં, એક હોડી મઝધારે ડૂબે છે. એક કાંઠેથી એક જણ એ હોડી ભેગાં ડૂબનારાં એનાં યાત્રીઓને જુએ છે, એમના પોકારો આઘેથી સંભળાય એટલા અને એવા સંભળે છે. મધવહેણે ડૂબતાં, સહાય માટે વલવલતાં સ્વજનોને કાંઠે ઊભા રહી જોવું, એયે કેવું અસહાયતાભર્યું છે, એનું સૂચન ફક્ત એક કલ્પન વડે કવિ અહીં કરે છે. બ્રહ્મપુત્ર નદમાં ભારતીય ઇતિહાસના ધસમસતા અને બહોળા પ્રવાહનું જે સૂચન છે, એ વરતીએ તો કવિએ આલેખેલી કરુણતાને સુપેરે સમજી શકાશે. એ કાળપ્રવાહમાંયે કેટલાં ડૂબ્યાં અને કેટલાંય આઘેથી, અસહાય, એમને જોતાં રહ્યાં ! કશું કરી ન શકાય એવું હોય ત્યારે પણ આંખો હટાવ્યા વિના એ જોવું અને ડૂબનારાંઓની ગૂંગળામણ જાતે, ચુપચાપ અનુભવવી, એ આ રચનાનું કવિકર્મ છે.

આ કવિતામાં આલેખાયેલો 'એકાકી' કોણ છે? ડૂબનાર પણ એકાકી છે અને જોનાર પણ. એકાકીપણાનું એ બેધારું કલ્પન, બન્ને ધાર વડે વાચકને ઘા મારી જાય છે. પણ આ રચનામાં એ કવિ ચિત્કાર નથી કરી ઊઠતા. કવિ બોલે છે, પણ કેવા શોક-શાન્ત સ્વરે ! નદીના પ્રવાહ પરથી આવતા ડૂબનારાંની અસહાયતાના ચિત્કારો કરતાંયે કાંઠે ઊભેલાની અસહાયતાનો મૂંગો અવાજ, સચેત વાચકને પુસ્તકનાં પાનાં પરથી વધારે મોટો સંભળાશે.

પણ રચનામાં છેલ્લે તો દેખાય છે બ્રહ્મપુત્રના અતળ અને અસહ્ય પ્રવાહ ઉપર આખરનું ડૂબતો, આખરનું ઊંચો ઊઠેલો, પેલા ગરક થતા વહાણનો એકાકી કૂવાથંભ.. કાવ્યાંતે કવિ જે ક્ષણ આલેખે છે, કૂવાથંભની ક્ષણેક થંભેલી ક્ષણ, એ એક જ ક્ષણ આ સમગ્ર કાવ્ય-કાળની નિયામક ક્ષણ છે. આ પેલો 'કૂવાથંભ' જુઓ. 'ટટર મસ્તકે ઊભેલો, જાણે, કોક એકાકી જણ..'. આ રચનાનો એ ત્રીજો 'એકાકી જણ' છે. પહેલો મઝધારે અસહાય ડૂબે છે, બીજો કાંઠે ઊભો અસહાય જુએ છે. પણ આ ત્રીજો ટટાર ઊભો છે, એક

અંતિમ પણ ચિરંતન ક્ષણે, ડિફાયંસની, અણનમપણાની અમર ક્ષણે.

આ કાવ્ય વાંચી લીધા પછીના અનુગુંજના અર્થબહુલ વ્યાપમાં જે હમેશાં દેખાયા કરશે એવી એ એકાકી જણની 'ટટારી'ની વાત, આ રીતે જે કરી શકે છે, એ કવિનો અવાજ છે સમકાલીન ભારતીય કવિતાનો સૂક્ષ્મતમ, ત્રીજો સૂર.

*

ગાંધી અને રવીન્દ્ર પાસે એ બુલંદપણે હતો. 'અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો', એમ કહેતો દૃઢ-સદય ગાંધી-સ્વર અને 'જ્યારે તારી હાક સુણી કોઈ ના આવે ત્યારે એકલો જાને રે' એ કહેતો સદય-દૃઢ રવીન્દ્ર-સ્વર. એ સ્વર ભારતીય કવિતાના કંઠેથી ક્યારેયે લુપ્ત ન થાય, એ આપણી આપણને શુભેચ્છા. સરત એટલી કે એ હવે નવેસરથી, નવા સપ્તકમાં સંભળાવવાની સાધના અને શક્તિ આપણી પોતાની હોય. ફૂકન, મલિક, રેંગે અને ઘોષ જેવા ઉત્તમ કવિઓનું દરેકનું આવું સ્વરસપ્તક સાંભળવા માટે કાન કેળવીએ.

*

નીલમણિ ફૂકનની કવિતાનો એક ઇતિહાસસંદર્ભ અસમિયા સાહિત્ય અને સંસ્કૃતિમાં છે, એને સમજવા માટે એ ઇતિહાસનાં ત્રણ બિંદુઓને ગતાંકે આપણે સ્પર્શ કર્યો હતોઃ કવિ સૈયદ અબ્દુલ મલિક (જન્મ ૧૯૧૯, અવસાન ૨૦૦૦)ની 'સહી' એ રચનામાં દેશની સ્વતંત્રતા પછીના દશકોની આશાભરી આબોહવા વરતાય છે. તો એકવીસમી સદીના આરંભે, અસમનિવાસી પણ બંગાળીભાષી એવા હાફિઝ અહમદ જેવા કવિઓ 'મિયાં પોએટ્રી' ('હા, લખી લો, હું મિયો છું', ૨૦૧૬) અસમની આપઓળખની સમસ્યાનું એક પાસું પ્રગટ કરે છે. એમના અન્ય અનુગામી કવિ નીલીમ કુમારની તાજેતરની એક રચના, 'ભાષા' પણ ગતાંકે આપણે જોઈ. એ કહે છેઃ 'હાલ તો આપણે ઝાઝું કરી ન શકીએ કાંઈ, નવી રીતે. / આપણે આપણી ભાષા બદલી ન શકીએ./ . . ./ [પણ] ચાલો ને, આપણે એકાબીજાની ભાષાની ફેરબદલી કરી લઈએ./ કદાચ જિંદગી પણ એ રીતે બદલાઈ શકશે.'

આપણે નોંધ્યું તેમ ગોહાટીની પેલી ટેકરી પરના પોતાના શાંત ઘરમાં બેઠેલા વયસ્ક કવિ, નીલમણિ, આ બધું જુએ છે, જાણે છે, સમજે છે, દશકોથી. પણ એ જ્યારે વાત કરે છે (બહુલખિયા કવિ નથી) ત્યારે એમનો સ્વર જે કાન દઈને સાંભળે એ સમજી શકે કે નીલમણિજીનો કાવ્ય-સ્વર નથી તો સૈયદ અબ્દુલ મલિકનો હતો તેવો કંઈક યુટોપિયન કે નથી હાફિઝ અહમદ જેવો ડિસ્ટોપિયન. વળી, નીલીમ કુમારની રચનામાં ચાતુરીનો આછો રણકાર સંભળાય, એ પણ અહીં નથી. નીલમણિ ફૂકનની કવિતામાં શાંત શોકનો, પ્રશાંત ધૈર્યનો અને આખરી અણનમતાનો એક આગવો સૂર સંભળાય છે.

*

'એકાકી' વાંચ્યા, જોયા, જાણ્યાની કળ હવે વળી હોય તો હવે પેલી 'બુરુન્જી' શીર્ષકવાળી રચનાને નજીકથી જોઈએ.

શીર્ષક સ્પષ્ટાર્થ છેઃ રચનાઇતિહાસ અંગે, શક્યતઃ આસામના તાજેતરના સામાજિક-

રાજકીય-આર્થિક ઇતિહાસ અંગે છે -- જેમ અબ્દુલ મલિક, હાફિઝ અહમદ અને નીલીમ કુમારની રચનાઓ છે, એમ. પણ ફૂકનની આ રચનાના શીર્ષકની સ્પષ્ટ અભિધાને એ રચનાની પહેલી જ પંક્તિની અભિધા સાથે કોઈ દેખીતો સંબંધ જણાતો નથી. ઇતિહાસ-બિતિહાસની કોઈ સાલવારી આપ્યા વિના, કોઈ ચિત્કાર-આક્રોશ-પડકાર વગર કવિ લખે છે:

'ભડકે બળતા મોટ્ટા જંગલને અડીને વહેતી એક નદીમાં / એક હોડી હંકારીએ છીએ, આપણે બેઉ./ હલેસાં લગાવતા લગાવતા આગળ આગળ વધીએ છીએ.'

—અરે! શીર્ષકમાંની પેલી બુરુન્જીનું, પેલા ઇતિહાસનું શું થયું? આ જંગલ અને નદી, બન્ને પાછાં નામ વગરનાં, એ કેમ અહીં આવ્યાં? બીજું, આ કવિ તો વાત પણ આપણી સાથે નથી કરતા. 'આપણે બે એક હોડીમાં જતા હતા.' એક તો કવિ કે (પેલું સું?) 'કાવ્યનાયક' કે, હા, 'કથનકાર.' એ એક. ઠીક. પણ આ બીજું કોણ? એ હોડીમાં હલેસાં લગાવનાર બીજું કોણ? જવાબો અનેક હોય. નોંધવાનું એ કે કવિ હો કે કાવ્ય નાયક હો કે કથનકાર, પણ એ એકલો નથી. હોડીમાં બે જણ છે. એકથી વધારે. એ નાનકડી લાગતી વીગતના ધ્વન્યાર્થ આસામ માટે, પૂર્વોત્તર ભારત જ નહીં સમગ્ર ભારત માટે ઘણા મોટા છે. સાચે તો સમગ્ર દક્ષિણ એશિયામાં આ 'એક નહીં, એકાધિક' એ વાત કરનારા કવિ-સ્વરો ઠેર ઠેર જાગશે, ભારત બહાર પણ, ત્યારે એક સહિયારી અને સર્જકતાભરી આવતી કાલ બધે એકસાથે આવશે.

જો કે આ ઓછાબોલા અને ઘણું સૂચવતા કવિ એવો કશો ફોડ પાડતા નથી. વાચક, તારું મન છે, ત્યાં બેસવાનું? તારી તૈયારી છે, એવી હોડીને હલેસાં મારવાની? તારી હિમ્મત, તારી તત્પરતા, તારી (સું પેલું?) પ્રતિબદ્ધતા અને ખેવના છે, બળતા જંગલ વચ્ચે ધુમાડામાં, રાતમાં, આગળ ને આગળ હોડી ધકેલવાની?

જો કવિની આ હોડીમાં એમની સાથે બેસવાની (આપણી ગુજરાતી કવિ અને અસમિયા નાગરિક અલકા દેસાઈ-શર્મામાં હતી અને છે એવી) ઇચ્છા, તૈયારી, હિમ્મત, તત્પરતા તારામાં હોય, વાચક, તો ભારતીય કવિતાનો ત્રીજો સૂર તું સાંભળી જ નહીં, સ્વયમ્ બજાવી પણ શકશે.

આસામના કવિ સાથે, આસામના અદના માણસ સાથે, એની હોડીમાં, એનાં બળતાં વનો વચ્ચેથી વહેતી એના બ્રહ્મપુત્ર મહાનદમાં થઈ કશીક ન-બળતી (અ-હિંસક) જગ્યા ગોતવા જવું જ હોય, તો ચાલો, આ બધું જોવા તૈયાર રહો. જુઓઃ

> **'પંખીઓ, ધીમી ધીમી પાંખે, / ચોતરફના ધોળા ધુમ્મસ જેવા ધુમાડામાં જાણે હાથ મારતાં, /ક્યાંક જતાં'તાં.' એવાં પંખીઓ? હા, અને 'કેટલા બધા સરપ પણ જોયા, પાણીમાં પડી આમતેમ રઝળતા !' સાપ? હા. આગળ વધો, ઇતિહાસમાં, — 'એમ આગળ ને આગળ જતાં,/ નદીકિનારે એક ઝૂંપડાં જેવું દેખાયું. / ત્યાં, નજીકમાં, હોડીને લાંગરી આપણે એ ખોરડા પાસે ગયા.'**

— ચાલો, ક્યાંય ન રોકાતા બ્રહ્મપુત્રના બેદરકાર પ્રવાહને કાંઠે, ભડકે બળતા દહેશતભર્યા તટપ્રદેશનાં વનો વચ્ચે એક ઝૂંપડા જેવું નજરે ચઢ્યું ખરું. કશુંક થોડુંક સલામત,

કંઈ થોડોક આશરો તો આખરે મળ્યો! પણ એ છે ખરું આશ્રયસ્થાન?

૧૯૪૦ પછીનો ઇતિહાસ લો. ૧૯૪૦ પછી તો આસામવાસીઓને એવી કેટકેટલી 'ઝૂંપડીઓ' દેખાઈ: ૧૯૪૭ પહેલાં આઝાદ હિન્દ ફોજનું આગમન. ૧૯૪૭ પછી કેટકેટલા 'એકોર્ડ્ઝ', 'સમજૂતીઓ' ! 'ઉલ્ફા', મીઝો અને નાગ 'લિબરેશન ફ્રન્ટ્સ'-ના આતંક, કેટકેટલી વિદેશી દખલગીરીઓ અને ફૌજી આક્રમણો, આ બધા 'ડિસ્કોર્ડ્ઝ'-ને શમાવવા કરેલા 'એકોર્ડ્ઝ'. — કવિ કહે છે, વાચક, 'ત્યાં, નજીકમાં, હોડીને લાંગરી આપણે એ ખોરડા પાસે ગયા.' મેઘાલય, નાગાલૅંડ, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, નવાં રાજ્યો, 'સપ્ત ભગિની' -ની સંકલ્પના, પૂર્વોત્તર ભારતીય પ્રજાઓનાં એ આશ્રયસ્થાનો. આપણે એ 'ખોરડા' પાસે ગયાં.

પછીની પંક્તિ માત્ર વાંચીએ નહીં, સાંભળીએ. એક નિર્ભય કવિ કરે એમ પેલા 'ખોરડા'ની નજીક જઈને એ એને બરાબર જુવે છે. પછી, એક કુશળ કવિ કરે એમ અવાજ ઊંચક્યા વિના એ કહે છે:

> **'એ રહેઠાણમાં તો રહેનારું કોઈ નહોતું, /વળી એક ખૂણે તો એ ખોરડું પણ**
> **આંચ પકડતું જતું'તું પેલી મોટી આગની,/ ધુમાડાના ગોટાઓથી ભરાતું જતું'તું.'**

-- કવિ ભલે આવેશપૂર્વક બોલતા નથી, પણ આવેગપૂર્વક વેદના અનુભવે છે. કદાચ ઓછાબોલા છે એટલે પીડા વધારે વેઠે છે. આગલી પંક્તિઓમાં એનો અણસાર આવે છે.

> **'કોકનાં થોડાં હીબકાં આપણે કાને પડ્યાં. / જંજીરે જકડાયેલા આકાશનાં?/**
> **કોઈ નિરાશ-નિરાધાર ભિખારી જેવું એ થોડુંક રોતું'તું.'**

-- આકાશ આખું જંજીરે જકડાયેલું લાગે એવી માનવીય પરિસ્થિતિ આ કવિ અનુભવે છે અને આલેખે છે. એનો અવાજ અહીં જરીક ધ્રૂજતો હોય એવું લાગે. પણ પછી તરત આ મક્કમ અવાજની પંક્તિઓ આવે છે:

> **'પછી પાછા ફરી, ફરી આપણે બેઉ, ધીરે ધીરે, હલેસાં મારવા માંડ્યા,/**
> **હોડી હંકારતા જતા,'**

--- ' . . . ત્યારે એકલો જાને રે. ઓ રે ઓ રે ઓ અભાગી! એકલો જાને રે'.— એમ રવીન્દ્રનાથ કહી ગયા છે, એ યાદ આવે.

નીલમણિ ફૂકનની આ અવિસ્મરણીય રચનાની છેલ્લી પંક્તિમાંઓ જે શાંત દૃઢતા છે, એને હવે કવિ જેવી જ અણનમતાથી વાચક અનુભવે:

> **'પછી પાછા ફરી, ફરી આપણે બેઉ, ધીરે ધીરે, હલેસાં મારવા માંડ્યા,**
> **હોડી હંકારતા ગયા,**
> **ધુમાડાના ગોટા વચ્ચેથી, રાત વચ્ચેથી.'**

-- નક્કી. આપણે બેઉ . . .

❑